ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને સહાય યોજનાઓ માટે પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવા બાબત. વર્ષ: ૨૦૨૪-૨૫

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2022/0010/A-1 Section

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધાઃ

1. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧-૦૩-૨૦૨૪નો ઠરાવ ક્રમાંકઃ SJED/BEM/e- File/17/2023/3374/B Section.
2. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૦-૦૬-૨૦૨૪નો પત્ર ક્રમાંક વિજાક/બોનિ/૨૦૨૪-૨૫/૩૨૨-૨૩

આમુખ:

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સહાયની ગ્રાન્ટ પેટે રૂ.૧૦૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇની વહીવટી મંજૂરી વંચાણે લીધા ક્રમાંક(૧) પરના તા.૧૧/૦૩/૨૦૨૪ના ઠરાવથી આપવામાં આવેલ છે. જે પરત્વે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી વર્ષ ૨૦૨૪-૨૫નાં અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૧૦૦૦૦.૦૦ લાખની સહાયની ગ્રાન્ટ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે સહાય યોજનાઓની ગ્રાન્ટ પેટે કરવામાં આવેલ રૂ.૧૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા બે હજાર પાંચસો લાખ પૂરા)ની ગ્રાન્ટ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

1. ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમએ બીજા હપ્તાની ગ્રાન્ટની દરખાસ્ત કરતા પહેલા બાકી હિસાબોની વિગત આપવાની રહેશે અને નાણા વિભાગના તા.૦૧/૦૭/૨૦૨૨ના પત્ર ક્રમાંક: અપબ/૧૦૨૦૨૨/૧૩૫/ક ના મુદ્દા નં.૩ની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.
2. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.
3. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૪-૨૫ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો


eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 05-Jul-2024 (03:57 PM)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

4. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.
5. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
6. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી ગ્રાન્ટ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
7. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
8. આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્યોને સહાય, પેટા સદર- ૦૨ બિનઅનામત વર્ગોને શૈક્ષણિક પ્રોત્સાહક સહાય યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૩-૦૭-૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 05-Jul-2024 (03:57 PM)

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:</u>

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.)ના અંગત મદદનીશ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ